# Ramayan Stories

## Table of Contents


રાજા દિલીપ (Raja Dilip) 3
રાજા રઘુ (Raja Raghu) 4
શ્રવણ (Shravan) 5
વાલિયા અને વાલ્મીકિ (Valiya and Valmiki) 6
રામ અને ચંદ્ર (Rama and the moon) 7
વિશ્વામિત્ર અને વશિષ્ઠ (Vishwamitra and Vashisht) 8
વિશ્વામિત્ર અને દશરથ (Vishwamitra and Dashrath) 9
વિશ્વામિત્ર અને રામ લક્ષ્મણ (Vishwamitra and Ram Laxman) 10
સીતાનો સ્વેયંવર (Sita's swayamvar) 11
કૈકેયી અને દશરથ (Kaikeyi and Dashrath) 12
રામના રાજ્યાભિષેકનો દિવસ (Ram's coronation day) 13
રામ અને અયોધ્યાવાસીઓ (Ram and the people of Ayodhya) 14
રામ અને ભરત (Ram and Bharat) 15
ભાઈની ઈચ્છા (Three brother's wishes) 16
સીતાનું અપહરણ (Sita's kidnapping) 17
શબરી (Shabri) 18
જટાયુ (Jatayu) 19
વાલી અને સુગ્રીવ (Vali and Sugriv) 20
રામ અને સુગ્રીવ (Ram and Sugriv) 21
સંપતિ (Sampati) 22
હનુમાન અને જામ્બવાન (Hanuman and Jaambavan) 23
હનુમાન (Hanuman) 24
અંગદ (Angad) 25
રામ ભગવાન અને ખિસકોલી (Rama and the squirrels) 26
વિભીષણ રામ સાથે જોડાય છે (Vibhishan joins Ram) 27
હનુમાન અને સંજીવની (Hanuman and Sanjeevani) 28
મંદોદરી (Mandodari) 29
વિભીષણન અને રાવણના અંતિમ સંસ્કાર (Vibhishan and Ravana's last rites) 30
મારુતિ (Maaruti) 31
ભરત અને હનુમાન (Bharat and Hanuman) 32

અર્જુન અને હનુમાન (Arjun and Hanuman) 33
હનુમાનનું હૃદય (Hanuman's heart) 34
બજરંગબલી (Bajarangbali) 35
ભીમ અને હનુમાન (Bheem and Hanuman) 36
લવ અને કુશ (Luv and Kush) 37
સરયુ નદી (Sarayu River) 38

VedInk

# રાજા દિલીપ (Raja Dilip)

અયોધ્યાના રાજા દિલીપ દયાળુ શાસક હતા.દિલીપ અને તેની પત્ની સુદક્ષિણાને એક જ ચિંતા હતી, કે તેમને બાળક નહોતું.દિલીપ અને સુદક્ષિણા ઋષિ વશિષ્ઠ પાસે માર્ગદર્શન લેવા ગયા. વશિષ્ઠે દિલીપને કહ્યું કે એક દિવસ ઇન્દ્રદેવની મુલાકાત વખતે, તે કામધેનુને આદર આપવાનું ભૂલી ગયેલા તેથી કામધેનુએ દિલીપને નિઃસંતાન થવાનો શ્રાપ આપ્યો હતો. સાથે વસિષ્ઠે ઉકેલ પણ આપ્યો; જો તે કામધેનુની પુત્રી નંદિનીને પ્રાર્થના કરે તો કરતા શ્રાપ તૂટી શકે. સુદક્ષિણા અને દિલીપ મહેલ છોડી નંદીનીની સંભાળ લેવા માટે ઋષિ વશિષ્ઠના આશ્રમમાં રહેવા લાગ્યા.દરરોજ, તેઓ નંદિનીને નવડાવતા, તેની પ્રાર્થના કરતા અને જ્યારે તે જંગલમાં ચરતી ત્યારે તેનું રક્ષણ કરતા.એકવીસ દિવસ સુધી, દિલીપ અને સુદક્ષિણાએ નંદીનીની પ્રેમ થી સંભાળ રાખી. એક દિવસ નંદિની જંગલમાં વિચરતા વિચરતા એક ગુફામાં પ્રવેશી. રાજા દિલીપ પણ તેની પાછળ ગુફામાં દોડ્યા અને જોયું કે ગરજતાં સિંહે નંદિનીને પકડી હતી. સિંહ બોલ્યો, "હું ભગવાન શિવનો સેવક છું. માતા પાર્વતી આ ઝાડને પ્રેમ કરે છે અને હું તેનું રક્ષણ કરું છું. માતા પાર્વતી એ આ ગુફામાં આવતા પ્રાણી નો શિકાર કરવાની મને છૂટ આપેલ છે. આ ગાય પોતે સ્વૈચ્છથી ગુફામાં આવી તેથી હવે તે મારો શિકાર છે.રાજા દિલીપે તરત જ જવાબ આપ્યો, "ચોક્કસ તમને શિકાર કરવાનો હક્ક છે. કૃપા કરીને આ ગાયને ખાશો નહીં. તેના બદલે, મારો શિકાર કરો આમ કહી રાજા દિલીપે શસ્ત્રો નીચે મૂક્યા અને માથું નમાવ્યું. અચાનક, સિંહ અદૃશ્ય થઈ ગયો અને નંદિનીએ દિલીપને ઉભા થવા કહ્યું.નંદનીએ દિલીપને કહ્યું કે દિલીપે તેની પરીક્ષા પાસ કરી છે અને તે તેમને આશીર્વાદ આપવા માંગે છે.દિલીપે નમ્રતાથી બાળક માટે ની ઈચ્છા પ્રદર્શિત કરી.નંદિનીએ દિલીપ ને તેનો ઉકેલ આપતા કહ્યું કે મારું દૂધ પ્રસાદી તરીકે પત્ની સુદક્ષિણાને પીવડાવ. આખરે, વશિષ્ઠની આજ્ઞા લઈને દિલીપે તેમ કર્યું અને રઘુનો જન્મ થયો.

**સાચો નેતા બધાની કાળજી રાખે છે, ખાસ કરીને અસુરક્ષિત લોકોની**

# રાજા રઘુ (Raja Raghu)

રાજા રઘુ સુદક્ષિણા અને દિલીપના પુત્ર હતા. તેઓ એક મહાન ક્ષત્રિય હતા અને અયોધ્યાના રાજા બન્યા પછી તેમણે ચારેય દિશામાં તેમના રાજ્યનો વિસ્તાર કર્યો.તેમનું રાજ્ય ખીલી રહ્યું હતું અને તેથી ગુરુ વશિષ્ઠે તેમને વિશ્વજીત યજ્ઞ કરવાનું કહ્યું. યજ્ઞ માટે, રઘુએ તેની બધી સંપત્તિ આપી દીધી. બધી સંપત્તિ દાન તરીકે આપી દીધી હતી, તેથી રઘુ હવે માટીના વાસણમાંથી ખાતો હતો.કૌત્સ, તેમના ઋષિ વર્તન્તુ માટે ગુરુ દક્ષિણા આપવા પૈસા માંગવા રઘુ આવ્યા પરંતુ રઘુને માટીના વાસણમાંથી ખાતો જોઈને કૌત્સ એ વિચાર્યું કે રઘુ પાસે આપવા માટે હવે સંપત્તિ નથી તેથી પ્રણામ કરી પાછા જતા હતા ત્યારે રઘુએ કૌત્સને રોક્યા. રઘુએ કહ્યું કે આજ સુધી તેના દ્વાર થી  કોઈ ખાલી હાથે ગયું નથી. પછી રઘુએ પૂછ્યું કે તેને કેટલા પૈસાની જરૂર છે? કૌત્સે જવાબ આપ્યો કે મારે ગુરુ ને ચૌદ કોટી સોનાના સિક્કા આપવા છે. રઘુએ કહ્યું કે તેની પાસે અત્યારે પૈસા નથી, પણ જો તે એક દિવસ રાહ જોઈ શકે તો વયવસ્થા થઇ જશે.તે રાત્રે, રઘુએ કુબેર પર હુમલો કરવાનું નક્કી કર્યું, કારણ કે કુબેર જ એકમાત્ર દેવ હતો જેની પાસે આટલી બધી સંપત્તિ હતી.રઘુએ હુમલાની તૈયારીઓ કરવાની શરૂ કરી પણ બીજી બાજુ રઘુ આવવાનો છે તે સાંભળીને કુબેર ડરી ગયો.રઘુને આવતા અટકાવવા કુબેરે અયોધ્યા પર સોનાના સિક્કા નો વરસાદ વરસાવ્યો. રઘુ એ બધી સંપત્તિ ભેગી કરી કૌત્સને આપી.કૌત્સે  ચૌદ કોટી સોના ના સિક્કા લીધા પણ વધારાના લેવાની ના પાડી.રઘુ અને કૌત્સ બંને વધારાના સોનાના સિક્કા સ્વીકારવા માંગતા ન હતા.આખરે, રઘુએ વધારાના પૈસાનો ઉપયોગ તેની પ્રજાને મદદ કરવા માટે કર્યો.

## ઈશ્વાકુ વંશના નેતાઓએ ક્યારેય કોઈને ખાલી હાથે જવા દીધા ન હતા

# શ્રવણ (Shravan)

શાંતનુ અને જ્ઞાનવંતી તીર્થયાત્રા પર જવા માંગતા હતા.પરંતુ તેઓ વૃદ્ધ અને અંધ હતા.તેમને ચાલવામાં પણ તકલીફ પડતી હતી.તેમનું બાળક, શ્રવણ, એક કર્તવ્યનિષ્ઠ પુત્ર હતો અને તેના માતાપિતાની ઇચ્છાઓ પૂર્ણ કરવા માંગતો હતો.તેણે વાંસના થાંભલાના બન્ને છેડે ટોપલી બાંધી અને તેના માતા-પિતાને લઈ તીર્થયાત્રા જવાનું નક્કી કર્યું.તેના માતાપિતા ટોપલીમાં બેઠા અને શ્રવણ તેના ખભા ઉપર માતા-પિતાને અનેક પવિત્ર સ્થળોએ લઈ ગયો. એક દિવસ, તેના માતા-પિતાને તરસ લાગી અને તેમણે પાણી માંગ્યું. શ્રવણે તેમને ઝાડની છાયા નીચે બેસવા કહ્યું અને તે નજીકની નદીમાં પાણી લેવા ગયો. નજીકમાં, અયોધ્યાના રાજકુમાર દશરથ શિકાર કરી રહ્યા હતા. નદી કિનારે અવાજ સાંભળી દશરથે વિચાર્યું કે હરણ પાણી પીવા આવ્યું લાગે છે.જોયા વિના, તીરને સનનન કરતુ નદી તરફ છોડ્યું . તરત જ,રડવાનો અવાજ સાંભળતા તે નદી તરફ દોડ્યા અને જોયું કે તિર ભૂલથી શ્રવણને  વાગ્યું છે. દશરથે દોડીને શ્રવણનું માથું પોતાના ખોળામાં મૂક્યું અને માફી માંગીi. શ્રવણે દશરથને વિનંતી કરી કે મારા માતા-પિતા તરસ્યા છે તેથી જો દશરથ તેમણે પાણી આપી શકે તો મહેરબાની! રાજકુંવરે શ્રવણના માતા-પિતાને મદદ કરવાનું વચન આપ્યું. પાણી લઈને દશરથ ઝાડ પાસે ગયા જ્યાં શ્રવણના માતા-પિતા આરામ કરી રહ્યા હતા. પગરવ સાંભળી ને જ શ્રવણના માતા-પિતા ને લાગ્યું કે કંઈક ખોટું છે અને શું થયું તે જાણવાની માંગ કરી.  દશરથે અશ્રુભીની આંખે બધો હેવાલ આપ્યો. શ્રવણના માતા-પિતા  ખૂબ વયથીત થઇ પોતાના જેવો જ પુત્રશોકનો અનુભવ કરવાનો શ્રાપ દશરથને આપ્યો જે પોતાની ભૂલ હોવાથી દશરથે સ્વીકાર્યો.

**સમર્પણ અને પ્રેમ સાથે તમારા માતાપિતાની સંભાળ રાખો**

# વાલિયા અને વાલ્મીકિ (Valiya and Valmiki)

વાલિયા તેના પરિવાર સાથે જંગલમાં રહેતો હતો.આ પ્રદેશમાં દુષ્કાળ પડ્યો તેથી ખોરાક અને પાણીની અછત હતી. વાલિયા પાસે હવે તેના પરિવારનું ભરણપોષણ કરવાનો કોઈ રસ્તો ના દેખાતા વાલિયાએ તેના પરિવારની સંભાળ રાખવા, લોકોને લૂંટવાનું શરૂ કર્યું. તે મુસાફરોને ધમકાવી તેમના ખોરાક અને કિંમતી સામાનની ચોરી કરી પરિવાર નું ભરણપોષણ કરતો. એક દિવસ નારદ મુનિ આ જંગલમાં પ્રવાસ કરી રહ્યા હતા ત્યાં વાલીઓ ઝાડની પાછળથી કૂદી નારદ મુનિ ને લૂંટવા ત્રાટક્યો. નારદ મુનિ શાંતિથી હસીને પોતાનો બધો સામાન વાલિયાને સોંપી દીધો. નારદ મુનિની અનાસક્ત શાંતિથી વાલિયો મૂંઝાઈ ગયો અને કુતુહલતા થી પૂછ્યું કે તમને તમારી સંપત્તિ આપતા દુઃખ નથી થતું? નારદ મુનિએ વાલિયાને કહ્યું, "જરા પણ દુઃખ નથી, તમે મારું બધું જ લઈ શકો છો, પણ શું હું તમને એક પ્રશ્ન પૂછી શકું? તમે નિર્દોષ લોકો ઉપર શા માટે આવો હુમલો કરો છો? તમને પાપ કરતા ડર  નથી લાગતો?" વાલિયાએ જવાબ આપ્યો, "મારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી તેથી હું આવું કરું છું." નારદ મુનિએ ફરી પૂછ્યું કે શું તમારા પાપના ફળમાં તમારો પરિવાર સહભાગી છે,? તેઓ તમારા પાપ ના ભાગીદાર થશે?" વાલિયાએ જવાબ આપ્યો, "અલબત્ત! હું આ પાપ તેમની માટે તો કરું છું! "નારદ મુનિ વાલિયા ની નાદાની જોઈ  હસ્યા અને વાલિયાને તેના પરિવાર સાથે ખાતરી કરવા કહ્યું. વાલિયો  ઘરે ગયો અને તેની પત્નીને પૂછ્યું, "હું આપણા પરિવાર માટે ચોરી લૂંટ કરું છું તે તને ખબર છે જ. મને ખાતરી છે કે તમે બધા મારા પાપોમાં ભાગીદાર થશો  ". તેની પત્નીએ જવાબ આપતા કહ્યું કે "ના, પરિવારનું ભરણપોષણ કરવાનું કામ તમારું છે,હું કે બાળકો તમારા આ પાપોમાં ભાગીદાર નથી."આ સાંભળીને વાલિયા ચોંકી ગયો. તે અસ્વસ્થ થઇ નારદ મુનિ પાસે પાછો ગયો.નારદ મુનિએ વાલિયાને આશ્વાસન આપી કહ્યું " હજુ સમય છે, ચેતી જા. તમે ધર્મયુક્ત જીવન થી જીવન નાવને સાચા માર્ગે લઈ  જઈ શકો છો." તે દિવસથી વાલિયો વાલ્મીકિ બન્યો. પોતાનું જીવન ઉજળી વાલ્મીકિએ અસંખ્ય લોકોને માર્ગદર્શન આપ્યું અને અંતે રામાયણ લખીને પ્રભુ કેન્દ્રિત જીવન જીવાની પ્રેરણા આપી.

**પ્રયત્નો સાથે,  કોઈપણ તેમના ભૂતકાળના પાપોનું પ્રાયશ્ચિત કરી શકે છે**

# રામ અને ચંદ્ર (Rama and the moon)

એક દિવસ, બાળરામ રાત્રે બહાર રમતા હતા અને કૌશલ્યા માતા પ્રેમથી તેમને નિહાળતા હતા. બાળરામ આકાશ તરફ ઉત્સુકતાથી જોતા હતા અને સ્મિત કરતા હતા કૌશલ્યાએ જોયું કે રામ આકાશ તરફ ઊંચા હાથ કરી કશુક લેવાનો પ્રયત્ન કરતા હતા. માતા કૌશલ્યએ ઉપર જોયું તો એક તેજસ્વી ચમકતો ચંદ્ર દેખાયો. બાળરામ તેને પકડવાનો પ્રયત્ન કરી રહ્યા હતા! કૌશલ્યાએ બાળરામ ને જુદા જુદા રમકડાં તરફ ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો પણ રામ મક્કમ રહી ચંદ્રને પકડવાનો પ્રયત્ન કરતા રહયા. અંતે માતા કૌશલ્યાએ એક યુક્તિ કરી. તેમને એક થાળીમાં પાણી ભરી પછી રામને ખોળામાં બેસાડ્યા. જ્યારે બાળરામે થાળીમાં જોયું તો પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ દેખાયું! રામે ખુશ થઇ પાણીમાં હાથ નાખી પ્રતિબિંબ ચંદ્રને પકડી રમવા માંડ્યું. આમ માતા કૌશલ્યા પોતાના પુત્ર પ્રેમ માટે ચંદ્રને પૃથ્વી પર લાવવા સક્ષમ બન્યા!

## **વિશ્વાસ અને પ્રેમ થી તમે ચંદ્રને પણ સ્પર્શ કરી શકો છો**

# વિશ્વામિત્ર અને વશિષ્ઠ (Vishwamitra and Vashisht)

વિશ્વામિત્ર મગધના રાજા હતા. ઋષિ વશિષ્ઠ પડોશી રાજ્ય નું સંચલન કરતા હતા.વિશ્વામિત્ર ક્ષત્રિય રાજાની એકહથ્થુ સત્તા નિરંકુશતામાં માનતા હતા જ્યારે વશિષ્ઠ સ્વશાસિત સમાજમાં માનતા હતા. એક દિવસ શિકાર કરતી વખતે, વિશ્વામિત્ર વશિષ્ઠના જન પ્રદેશમાં પ્રવેશ્યા. વશિષ્ઠે અતિથિ વિશ્વામિત્રને પોતાના ઘરે બોલાવ્યા. વિશ્વામિત્ર થોડા દિવસ રોકાયા અને વશિષ્ટ ના આદર સત્કાર થી પ્રભાવિત થયા. ઋષિ વશિષ્ટ આ બધું કામધેનુ ના કારણે કરી શક્યા છે આ જાણી વિશ્વામિત્રે વિદાય લેતા લાલચી બની કામધેનુની માંગણી કરી.વશિષ્ઠે બાકાયદા  ના પાડી તેથી વિશ્વામિત્ર નારાજ થઈ વશિષ્ઠ ઉપર  હુમલો કરવાનું નક્કી કર્યું. પગાર દર સૈનિક કરતા સ્વયં શિસ્તના ના કારણે વશિષ્ઠ નું સૈન્ય વિજયી થયું. વિજય મળવા છતાં આત્મ સંશોધન કરતા વશિષ્ઠને સમજ્યું કે લોકો સતત યુદ્ધ કરતા રહે તો તેમની પાસે જીવન સુંદર બનાવવાનો કે સામાજિક ફરજો નિભાવવાનો સમય રાહતો નથી.આમ વિજયી હોવા છતાં, વશિષ્ઠ સમાધાન કરવા વિશ્વામિત્ર પાસે જાય છે અને બે મહાન ઋષિઓ નક્કી કરે છે કે કદાચ, આદર્શ શાસન સ્વ-શાસન અને નિરંકુશતાનો મિશ્રણ હોવું જોઈએ તેથી વશિષ્ઠ અયોધ્યાના આદર્શ ક્ષત્રિય રાજ્ય નું સર્જન કરે છે, જ્યાં રાજા શાસન કરે, પરંતુ તે અંતિમ નથી. તેમની ઉપર અષ્ટ ઋષિ સંસ્થા છે જે ધર્મનો આદર્શ લઇ શાશક ને માર્ગદર્શન આપે છે.

## કેટલીકવાર પ્રગતિ માટે સમાધાનની જરૂર પડે છે

# વિશ્વામિત્ર અને દશરથ (Vishwamitra and Dashrath)

રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન અયોધ્યાના રાજકુમારો હતા. તેમના દિવસો ભણવામાં અને રમવામાં પસાર થતા. એક દિવસ વિશ્વામિત્ર રાજા દશરથને મળવા આવ્યા.દશરથે તેમનું પ્રેમથી સ્વાગત કર્યું અને તેમના પગ ધોયા. અગતાસ્વાગતા પતી ગયા પછી દશરથે વિશ્વામિત્રના આગમનનું કારણ પૂછ્યું. વિશ્વામિત્રએ જવાબ આપતા કહ્યુકે "હું જંગલમાં યજ્ઞ કરું ત્યારે રાક્ષસો આ યજ્ઞ માં વિક્ષેપ પાડે છે. તેથી મારા યજ્ઞ નું રક્ષણ કરવા માટે હું રામ અને લક્ષ્મણને જંગલમાં લઈ જવા ઈચ્છું છું." આ સાંભળીને દશરથ ચિંતિત થયા. રામ અને લક્ષ્મણ હજુતો નાદાન બાળક છે. તેઓ ઘોર જંગલમાં કેવી રીતે રહેશે અને કેવી રીતે આ ભયંકર રાક્ષસોનો સામનો કરશે? દશરથે વિચારીને જવાબ આપ્યો કે યજ્ઞની રક્ષા માટે હું મારા શ્રેષ્ઠ યોદ્ધાઓને મોકલું જેથી યજ્ઞ નું રક્ષણ બરાબર થાય.પરંતુ વિશ્વામિત્ર પોતાની માગણી માં અડગ રહ્યા. વશિષ્ઠ દશરથ અને વિશ્વામિત્ર નો સંવાદ જોઈ રહ્યા હતા. રાજગુરુ વશિષ્ઠે દશરથને માર્ગદર્શન આપતા કહ્યું કે રામ અને લક્ષ્મણ ને વિશ્વામિત્ર સાથે જંગલમાં મોકલવા જોઈએ. વિશ્વામિત્ર જ તેમને સાચા ક્ષત્રિય ધર્મ ના જ્ઞાતા બનાવી શકશે.રાજા દશરથ તરત જ ગુરુ વશિષ્ઠને પ્રણામ કરી  તેમની આજ્ઞાનું પાલન કરે છે.

## **તમારા કરતાં સમજદાર લોકોની સલાહ સાંભળવી મહત્વપૂર્ણ છે**

vedik

# વિશ્વામિત્ર અને રામ લક્ષ્મણ (Vishwamitra and Ram Laxman)

રામ અને લક્ષ્મણ વિશ્વામિત્ર સાથે જંગલમાં ગયા. વિશ્વામિત્રએ પ્રેમથી કેળવણી આપતા તેમની સંભાળ લીધી. અધ્યાત્મ સાથે જીવન જીવવાનું શિક્ષણ આપ્યું. દિવસ દરમિયાન, તેઓ જંગલમાં ફરતા અને વિશ્વામિત્ર તેમને વિવિધ છોડ ,પ્રાણીઓ અને પ્રકૃતિ વિશે શીખવતા.તેઓ ભટકતી જાતિઓને મળતા અને તેમની મુશ્કેલીઓ વિશે સમજણ મેળવતા. આ પછી રામ અને લક્ષ્મણ સામાજ સ્થિર કેવી રીતે કરી શકાય  તે વિશે વિચારતા. રાત્રે વિશ્વામિત્રના ખોળામાં માથું  મૂકી સુતા ત્યારે આભમંડળ ના તારા જોતા અને વિશ્વામિત્ર તેમને તારાઓ વિશે શીખવતા. એક ક્ષત્રિય તરીકે પણ રામ અને લક્ષ્મણને કેવી રીતે લડવું તે વિશ્વામિત્ર જ શીખવી શકે ને! જેમ જેમ મહિનાઓ વીતતા ગયા તેમ તેમ રામ અને લક્ષ્મણ કેન્ટ અને પરિશ્રમ થી બન્ને ઉત્તમ લડવૈયા બન્યા. હવે વિશ્વામિત્રને લાગ્યું કે રાજકુમારો તૈયાર છે તેથી તેમણે પ્રભુ માન્ય વિચારો સ્થિર કરવા યજ્ઞ શરૂ કર્યો .હંમેશ ની જેમ આ વખતે પણ રાક્ષસો અને અસુરો એકઠા મળી યજ્ઞ ના વિધ્વંશ માટે હુમલો કર્યો પણ આ વખતે રામ અને લક્ષ્મણ તૈયાર હતા. તેમને વળતો હુમલો કરી સફળતાથી રાક્ષસો અને અસુરો ને દૂર રાખ્યા જેથી વિશ્વામિત્ર તેમનો યજ્ઞ કરી શક્યા.

**સાચો શિક્ષક દયાળુ હોય છે પરંતુ જરૂર પડ્યે કડક હોય છે**

# સીતાનો સ્વેયંવર (Sita's swayamvar)

સીતા રાજા જનકની દત્તક પુત્રી હતી. વિદેહના રાજા જનકને સીતા ખેતર ખેડતા પૃથ્વીની પુત્રી સીતા મળી હતી. તે માતા પૃથ્વી જેવી ધીર, દૈવી, અને પવિત્ર હતી.રાજા પાસે ભેટ માં મળેલ શિવનું ધનુષ્ય હતું, તે એટલું તો ભારી હતું કે કોઈ એક વ્યક્તિ તેને ઉપાડી ન શકતું. એક દિવસ સીતાને શિવ ધનુષ્ય સાથે રમતી જોઈ રાજા જનકને નવાઇ લાગી કે બાલ સીતા આવું પરાક્રમ સહજતાથી કરી શકે છે કે છે જે કામ તેના સૈનિકો પણ કરી શકતા નથી! રાજા જનકે તેથી સીતાના સ્વયંવર માટે ખાસ શરત મૂકી કે જે વ્યક્તિ વિશેષ આ શિવ ધનુષ્ય ઉપાડી શકે તે જ સીતા સાથે લગ્ન કરી શકશે. દૂર દૂર થી વિવિધ દેશ ના રાજ કુમારો અને રાજાઓએ આ ધનુષ્ય ઉપાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ કોઈ સફળ થયું નહીં. અંતે, વિશ્વામિત્રની આજ્ઞા થી રામ ઉભા થયા અને આસાનીથી ધનુષ્ય ઉપાડી સંધાન કરવા ગયા ત્યાં ધનુષ તૂટ્યું! સીતા ને યોગ્ય પાત્ર દેખાતા જનકે ઉત્સાહથી લગ્ન લીધા અને દશરથની પરવાનગી મળ્યા બાદ રામ અને સીતાના લગ્ન થયા.

**સ્ત્રીની શક્તિને ઓછો આંકશો નહીં**

vedlink

# કૈકેયી અને દશરથ (Kaikeyi and Dashrath)

એકવાર દંડકના જંગલમાં દેવતાઓ અને દાનવો વચ્ચે યુદ્ધ થયું. ઈંદ્રદેવને મદદ કરવા અયોધ્યાના રાજા દશરથ તેની રાણી કૈકેયી સાથે યુદ્ધમાં જોડાયા. દશરથ એક મહાન યોદ્ધા હતા, અને કૈકેયી પણ લડવામાં કુશળ હતી. યુદ્ધ મેદાનમાં રાક્ષસ શંભરા અચાનક પ્રગટ થયો અને તેણે દશરથ પર બાણોનો વરસાદ વરસાવ્યો. દશરથ સાવધ થઈ કુશળતાથી તેનો સામનો કર્યો પણ પાછળથી તીર વાગતા રથમાં ઘાયલ થઈ બેભાન બની ઢળી પડ્યા. સદભાગ્યે, કૈકેયી દશરથ સાથે હતી. સમયસૂચકતા વાપરી તરત જ તેણે રથનું શાસન સંભાળ્યું અને રથ ને ઝડપથી યુદ્ધના મેદાન થી દૂર હાંક્યું જેથી રાજા દશરથ સારવાર લઇ શકે. જ્યારે દશરથ રાજા જાગ્યા ત્યારે પોતાનો જીવ બચાવવા માટે તેમણે કૈકેયીનો આભાર માન્યો અને કૈકેયીને તેની હિંમત અને સમય સુચકતા માટે બે વરદાન માંગવા કહ્યું. કૈકેયીએ કહ્યું કે રાજાને મદદ કરવી એ તેની ફરજ છે તેથી તેને વરદાન લેવાની ના પાડી. પણ દશરથે બહુ આગ્રહ કર્યો. આખરે, કૈકેયીએ દશરથને કહ્યું કે તે ભવિષ્યમાં સમય આવ્યે વરદાન માંગશે. યુદ્ધ પત્યા પછી તે બંને અયોધ્યા પાછા ગયા.

**સ્ત્રીઓમાં બચાવ અને રક્ષણ કરવાની તાકાત હોય છે**

# રામના રાજ્યાભિષેકનો દિવસ (Ram’s coronation day)

આજે અયોધ્યાના રાજકુમાર રામના રાજ્યાભિષેકનો દિવસ હતો.અયોધ્યાની ગલીઓમાં લોકો ઉજવણી કરી રહ્યા હતા.અયોધ્યાનો દરેક નાગરિક રામને પ્રેમ કરતો હતો અને તેમને ભાવિ રાજા તરીકે જોવા માટે ઉત્સાહિત હતો. ત્યાં દશરથ રાજાએ રામ ને કૈકયીના મહેલ માં મળવાનું કહેણ મોકલ્યું. આજ્ઞા સાંભળી રામ ઉત્સુકતાથી દશરથના ઓરડામાં  પ્રવેશ્યા ત્યારે તેમણે રાજા દશરથને દુ:ખથી કણસતા જોયા. માતા કૈકેયી કૈક ઉપેક્ષા થી બાજુ માં બેઠેલા હતા. રામ તરત જ તેના પિતા પાસે દોડ્યા અને પૂછ્યું કે પિતાજી તમને શું દુ:ખ છે?  દશરથ જવાબ આપી ના શક્યા તેથી રામે માતા  કૈકેયી ને પૂછ્યું કે પિતાની આવી હાલત થવાનું શું કારણ હોઈ શકે. કૈકેયીએ રામને કહ્યું કે દશરથે ઘણા સમય પહેલા બે વરદાન કૈકૈયી ને આપ્યા હતા, અને આજે તેની પુરતી કરવાનો સમય આવ્યો છે તો હવે રાજા આનાકાની કરે છે. કૈકેયી એ આગળ વિગત જણાવતા કહ્યું કે તેને માંગેલ વરદાન મુજબ રામ ના બદલે કૈકયી પુત્ર ભરત રાજા બને અને રામ ચૌદ વર્ષ માટે વનવાસમાં જાય. આ સાંભળીને રામ ના ચહેરા ઉપર જરા પણ વ્યથા ના દેખાઇ. તેમને કૈકેયીને કહ્યું કે અરે તમે વ્યર્થમાં વરદાન માંગ્યું. જો તેણી ઇચ્છતી હતી કે ભરત રાજા બને, તો માત્ર રામને આદેશ આપ્યો હોત તો સ્વેચ્છાથી રામ તે આદેશ નું પાલન કરત. રામ માટે જંગલ કે મહેલ માં રહેવું સરખું જ છે, તેથી આ વિષે કોઈ તકરાર ઉભી જ ન થાત. આ સાંભળીને દશરથે રામને કૈકયી ના માંગેલા વરદાનની અવગણના કરવા વિનંતી કરી. રામે આદર થી ના પાડી અને પિતા દશરથ અને માતા કૈકેયીને પ્રણામ કરી જંગલ માં જવાની તૈયારી કરવા નીકળી ગયા.

**સ્થિરપ્રજ્ઞા, આનંદ અને દુઃખમાં સમતા મહત્વપૂર્ણ છે**

# રામ અને અયોધ્યાવાસીઓ (Ram and the people of Ayodhya)

રામના વનવાસના સમાચાર ઝડપથી અયોધ્યા માં ફેલાઈ ગયા. જે સવારે અયોધ્યા રામના રાજ્યાભિષેકની ઉજવણી ની તૈયારી કરી રહી હતી, પરંતુ હવે તેની જ શેરીઓમાં લોકો રડતા હતા. લક્ષ્મણ અને સીતા એ રામને કહ્યું કે "ભલે માત્ર તમને વનવાસ માં જવાનું હોય પણ અમે તમારી સાથે આવવાના જ. "પહેલા તો દશરથ ના અવિવેકી વરદાન ની વાત સાંભળી ને લક્ષ્મણ ખૂબ ગુસ્સે થઇ ગયા હતા અને ગુસ્સામાં તેમણે દશરથને કેદમાં નાખવાનું પણ વિચાર્યું હતું જેથી રામ સિંહાસન શોભવી શકે.પરંતુ જ્યારે રામે પોતાનો જંગલ માં જવાનો નિર્ણય અફર છે તેમ કહ્યું તો પછી જ્યાં રામ ત્યાં જ લક્ષમણ હોય આમ કહી પોતાની જંગલ માં જવાની મંજૂરી મેળવી. રામે ત્રણે માતા અને પિતા દશરથને પ્રણામ કર્યા અને પછી સીતા અને લક્ષમણ સાથે જંગલ તરફ પ્રયાણ કર્યું.આ જોઈ અયોધ્યાના લોકો પણ તેમને જોડાયા. બધા ની આંતરિક ભાવના હતી કે, "જો રામ રાજા ન બને તો અમે રામને અનુસરીશું ખાલી અયોધ્યા ઉપર ભલે ભરત શાસન કરતો! " રામે અયોધ્યાવાસીઓને રાજ્ય માં પાછા જવા સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ લોકો રાત સુધી તેમની પાછળ જ ચાલ્યા અને અંધારું થતા બધા ગંગા નદીના કિનારે સૂઈ ગયા. બીજા દિવસે વહેલી સવારે રામ, લક્ષ્મણ અને સીતાએ બધા નાગરિકો સૂતા હતા ત્યારે જ છાનામાના ત્યાંથી આગળ નીકળી જવાનું નક્કી કર્યું.નાવિક ગુહ પોતાની હોડી માં રામ, લક્ષ્મણ અને સીતા ને નદી પાર દંડક જંગલમાં મૂકી આવ્યો અને ત્યાં ત્રણએ સાદું જીવન જીવાની શરૂવાત કરી.

**લોકો ગમે ત્યાં એક મહાન નેતાને અનુસરશે**

# રામ અને ભરત (Ram and Bharat)

રામ, લક્ષ્મણ અને સીતાએ દશરથ ને આપેલ વચન અનુસાર તેમનો વનવાસ શરૂ કર્યો. એક દિવસ અચાનક, તેઓએ દૂર ધૂળ ઉડતી જોઈ.લક્ષ્મણ તેની તપાસ કરવા ઝાડ પર ચડીને જોયું તો ભરતને સૈન્ય સાથે જંગલ તરફ આવતા જોયા. ઉતાવળથી ઝાડ થી નીચે ઉતરતા લક્ષમણે રામને ચેતવણી આપતા કહ્યું,"ભરત માત્ર રાજગાદી  લઇને સંતુષ્ટ નથી તેથી તમારી સાથે લડવા આવી રહ્યો છે."આમ કહી લક્ષ્મણે ધનુષ્ય અને બાણ લડવા માટે તૈયાર કર્યા પણ રામે આશ્વાસન આપતા કહ્યું કે,"હું ભરતને જાણું છું. મને નથી લાગતું કે તે અહીં લડવા આવ્યો છે." થોડી વારમાં ભરત તેમની નજીક આવી પહોંચ્યો અને રામ તરફ દોડ્યો, રામે તેને ગળે લગાડ્યો .ભરતે આંસુભીની આંખે કહ્યું, "મારે શાસન કરવું નથી. મારી માતાએ મોટી ભૂલ કરી છે. કૃપા કરીને આપ અયોધ્યા પાછા આવો અને સિંહાસન સંભાળો."પરંતુ રામે ધીરજ થી સમજાવતા કહ્યું કે "માતાપિતાની આજ્ઞા પૂરી કરવી સંતાન ની ફરજ છે. માટે તારે જ અયોધ્યાની સંભાળ લેવી પડશે."રામ પોતાનો નિર્ણય બદલશે નહીં તે સમજીને, ભરતે ના છૂટકે અયોધ્યા ની જવાબદારી સ્વીકારી. પછી રામને વિનંતી કરી કહ્યું. "કૃપા કરીને મને તમારા પગરખાં આપો, જેથી સિંહાસન ઉપર પાદુકા મૂકી હું મહેલથી દૂર ઝૂંપડીમાં રહી અયોધ્યાના લોકોની સંભાળ રાખીશ." રામે ભરત ની વિનંતી ને માન આપી પાદુકા આપી જેને માથે મૂકી ભરત વિદાય લેતા પહેલા છેલ્લી વાર ફરી રામને ભેટી છુટા પડ્યા.

**ભાઈ-બહેનનો પ્રેમ કોઈપણ અવરોધનો સામનો કરી શકે છે**

# ભાઈની ઈચ્છા (Three brother's wishes)

રાવણ, વિભીષણ અને કુમ્ભકર્ણ ભાઈઓ હતા, તેમાંના રાવણ અને કુમ્ભકર્ણ સ્વાર્થી અને ઘમંડી હતા, જ્યારે સૌથી નાનો વિભીષણ ન્યાયી અને પ્રભુ ઉપર વિશ્વાસ રાખનાર હતો. ત્રણેય ભાઈઓએ વર્ષો સુધી ભગવાન બ્રહ્માની ઉગ્ર તપસ્યા કરી.આખરે ભગવાન બ્રહ્મા પ્રસન્ન થઈ વરદાન માંગવા કહ્યું. રાવણ તો ઈચ્છતો હતો કે તે મન ફાવે ત્યારે અદૃશ્ય થઈ શકે પણ ભગવાન બ્રહ્માએ કહ્યું કે આમ થવું અશક્ય છે. તેથી રાવણે માંગ્યું કે કોઈ દેવ અથવા પ્રાણી તેને મારી શકે નહીં. રાવણને પોતાની બુદ્ધિ અને શક્તિ ઉપર મદ હતો તેથી તેને કોઈ મનુષ્ય મારી શકે તે વિચારવું પણ અશક્ય લાગ્યું! ભગવાન બ્રહ્માએ તથાસ્તુઃ કહી વરદાન આપ્યું. બ્રહ્મા પાસે કુમ્ભકર્ણને ઇન્દ્રાસન અને નિર્દેવત્વમ માંગવું હતું પરંતુ બોલવામાં સહેજ ફરક થવાથી નિદ્રાસન અને નિદ્રાત્વમ માંગ્યું! પછી  પોતાની ભૂલનો અહેસાસ થતાં, કુમ્ભકર્ણ ભગવાન બ્રહ્મા પાસે મદદ માંગે છે તો દયાળુ ભગવાન બ્રહ્માએ કુમ્ભકર્ણને છ મહિનાની ઊંઘ અને છ મહિના જાગવાની મંજૂરી આપી.વિભીષણે માંગ્યું કે તે ભગવાન વિષ્ણુ પ્રત્યેની નિરંતર ભક્તિ અને ધર્મના માર્ગમાંથી ક્યારેય વિમુખ ન થાય. ભગવાન બ્રહ્માએ પ્રસન્નતાથી વિભીષણને વરદાન આપ્યું. ત્રણેય ભાઈઓ ખુશ થતા લંકા આવ્યા.

**તમે જે ઈચ્છો છો તેની કાળજી રાખો**

# સીતાનું અપહરણ (Sita's kidnapping)

રાવણ લંકાનો રાજા, એક લોભી અને સ્વાર્થી રાક્ષસ હતો .સૌંદ્રય પિપાસુ રાવણે સીતાનું અપહરણ કરવા તેના કાકા મારીચ સાથે ગોઠવણ કરી. તેમને ખબર હતી કે રામ, લક્ષ્મણ અને સીતા ગોદાવરી નદીના કિનારે પંચવટીમાં રહેતા હતા. યોજના મુજબ સોનાનું હરણ બની મારીચ નજીક માં ઘાસ ચરવા પંચવટી માં ગયો. સીતા આ હરણને જોઈ મોહિત થઈ અને તેણે રામને મૃગ પકડવા કહ્યું. રામ સીતાને એકલી મુકવા માંગતા ન હતા અને તેથી લક્ષ્મણને સીતા સાથે રહેવા કહ્યું. રામને જંગલમાં ગયે થોડા કલાકો વીતી ગયા અને છતાં તે પાછા ન આવ્યા તેથી સીતા ચિંતિત થવા લાગ્યા. ત્યાં અચાનક રામનો મદદ માગતો અવાજ સાંભળતા સીતાએ લક્ષ્મણને તેના ભાઈની મદદ કરવા માટે વિનંતી કરી. લક્ષ્મણને પોતાના ભાઈ ની આવડત ઉપર ભરોસો હતો અને સુવર્ણ મૃગ ના રૂપ માં માયાવી રાક્ષસ જ મદદ માગતું હશે આમ વિચારી, સીતા ને એકલા મૂકીને જવાની ચોખ્ખી ના પાડી. પણ સીતાએ ખૂબ આગ્રહ કર્યો તેથી આખરે લક્ષ્મણે આશ્રમની આસપાસ સુરક્ષા માટે લક્ષ્મણરેખા દોરી સીતા ને આ લક્ષ્મણરેખાની અંદર રહેવા વિનંતી કરી, લક્ષ્મણ તેના ભાઈને શોધવા જંગલમાં ગયા. લક્ષ્મણ જતાની સાથે જ લાગ જોઈને બ્રાહ્મણના વેશમાં રાવણે સીતાના આશ્રમમાં આવી ભિક્ષા માંગી. સીતાએ લક્ષ્મણ રેખા ની અંદર રહી દાન આપવાનો પ્રયત્ન કર્યો, પરંતુ બ્રાહ્મણે સીતા લક્ષ્મણ રેખાની બહાર આવે તો જ તે ભિક્ષા સ્વીકારશે તેમ કહ્યું.સીતાને લાગ્યું કે આ એક છટકું તો નહિ હોય ને! પરંતુ ઈશ્વાકુ વંશમાં ક્યારેય કોઈને ખાલી હાથે ન જવા દેવું આ પરંપરા હતી તેથી સીતાએ લક્ષ્મણ રેખાની બહાર પગ મૂક્યો. તરત જ, રાવણે પોતાનો વેશ કાઢી નાખ્યો અને સીતાનું અપહરણ કર્યું. બીજી બાજુ જ્યારે  લક્ષ્મણને રામ મળ્યા તો ખબર પડી કે મારિચે સોનાના હરણનો વેશ ધારણ કર્યો હતો! બંને ભાઈઓ મારીચને હરાવીને ઘરે પાછા ફર્યા તો આશ્રમ ખાલી જોતા બન્ને ને ફાળ પાડી. સીતા ના અપહરણ ની જાણ થતા રામને આઘાત લાગ્યો પણ નિરાશ ના થતા સીતા ને શોધીને પાછી ઘરે લાવવાની તેમને પ્રતિજ્ઞા લીધી.

**જાગ્રત રહો, દુનિયામાં જોખમો આવી શકે છે**

# શબરી (Shabri)

શબરી પારધી ના પરિવારમાં મોટી થઇ પરંતુ તે સૌમ્ય અને પ્રેમાળ વ્યક્તિ હતી. ભોજન માટે પ્રાણીઓની હત્યા કરવાનો વિચાર તેને પસંદ ન હતો. સદાચારી જીવન જીવવા શબરીએ જીવનમાં ઉમદા સદ્ગુણો કેળવ્યા હતા . જીવન વિકસાવવાના માર્ગની શોધમાં તે પરિવાર છોડી વિચરતી હતી ત્યાં પંપા સરોવર પાસે શબરીને ઋષિ મતાંગ મળ્યા. ઋષિ એ પ્રેમથી શબરી ને ઉન્નતિ નો માર્ગ બતાવ્યો. ગુરુ ના સ્નેહથી ગદગદ થઈ શબરીએ નિઃસ્વાર્થપણે વર્ષો સુધી ઋષિના આશ્રમ ની સંભાળ લીધી. શબરી ને પ્રભુ રામને મળવાની બહુ ઉત્સુકતા હતી. શબરીની સેવા થી ખુશ થઈ ઋષિ માતંગે શબરીને આશીર્વાદ આપતા કહ્યું કે તેના સારા કાર્યો અને તપસ્યાને કારણે ભગવાન રામ ચોક્કસ તેને મળશે. ગુરુ ના આપેલ વિશ્વાસ ના કારણે શબરી એ ભગવાન રામને મળવા વર્ષો સુધી ધીરજપૂર્વક રાહ જોઈ.એક દિવસ તેને સમાચાર મળ્યા કે રામ નજીકના જંગલમાં આવ્યા છે. જંગલ માં વસતા સેંકડો યોગીઓ અને ભક્તો એ રામને તેમની સાથે રહેવાનું આમંત્રણ આપ્યું. પણ રામ તો સામે ચાલીને શબરીના આશ્રમમાં ગયા.રામ શબરીની સમર્પણ ભક્તિ અને સ્વ-સુધારણા માટેના પ્રયત્નથી પ્રભાવિત થયા. શબરીએ ભગવાન રામને પ્રેમથી નમસ્કાર કર્યા અને રામને ભોજનમાં ચાખી ને એઠા થયેલા બોર આપ્યા જેથી માત્ર મધુર અને રસદાર બોર પ્રભુ ને મળે. રામ શબરીની ભક્તિ અને નિર્દોષતાથી અભિભૂત થયા અને તેની સાથે સમય વિતાવ્યા પછી, રામે રજા લીધી.

**સાચું સમર્પણ, ભક્તિનું ફળ મળે છે**

# જટાયુ (Jatayu)

રાવણે સીતા સાથે છેતરપિંડી કરી પંચવટી આશ્રમમાંથી તેનું અપહરણ કરી ઉડતા રથ ઉપર બેસાડી,રથ લંકા તરફ હાંક્યો. સીતા ચિત્કાર કરતી રાવણથી છૂટવાનો નિષ્ફળ પ્રયાસ કરતી હતી તે નજીકમાં ગોદાવરી નદીનું પાણી પીતા  ગરુડ જટાયુ એ જોયું અને સાંભળ્યું. જટાયુ નિઃશસ્ત્ર હોવા છતાં, સીતાની મદદ માટે તરત જ ગયો.રાવણે જટાયુને રથ તરફ ઉડતો જોયો અને તે ઉપહાસ થી હસવા લાગ્યો.જટાયુએ સ્પષ્ટ શબ્દોમાં રાવણને સીતા માતાને મુક્ત કરવા કહ્યું, પરંતુ અભિમાની રાવણ સાચી સલાહ માનતો હશે? બહાદુર જટાયુએ ઝડપથી રથ પાસે જઈ રાવણ ઉપર ચાંચ, પંજા અને પાંખો થી હુમલો કર્યો. નિશસ્ત્ર જટાયુ બહાદુરીથી અને નિર્ભયતાથી લડ્યો પરંતુ અંતે તે રાવણના શસ્ત્રોનો મુકાબલો કરી શક્યો નહીં . વળી રાવણે તેની પાંખો કાપી નાખી તેથી  જટાયુ લોહીલુહાણ થઈને જમીન પર પડ્યો.રામ જંગલમાં સીતાને શોધતા હતા ત્યાં તેમને ઘાયલ જટાયુ મળ્યો. રામે જટાયુનું માથું ખોળામાં લઇ તેને શાંત કરવાનો પ્રયાસ કર્યો.જટાયુએ છેલ્લા શ્વાસ લેતા વિગતે રાવણ અપહરણ કરીને સીતા ને લઇ ગયો છે તે વાત કરી, છેલ્લો સ્વાસ છોડ્યો. જટાયુની ભક્તિ અને શક્તિ જોઈ રામ પ્રભાવિત થયા.રામે જટાયુના અંતિમ સંસ્કાર કર્યા અને પછી સીતાને શોધવા આગળ વધ્યા.

**જે સાચું છે તેના માટે ઊભા થવામાં ડરશો નહીં**

# વાલી અને સુગ્રીવ (Vali and Sugriv)

વાલી અને સુગ્રીવ સગા ભાઈઓ હતા.વાલી ક્રીસકીંધાનો રાજા હતો. સુગ્રીવ તેના ભાઈને રાજ કારભાર માં મદદ કરતા હતા.એક દિવસ ક્રીસકીંધામાં એક રાક્ષસ આવ્યો અને વાલીને યુદ્ધ માટે પડકાર્યો. વાલી એક નિપુણ યોદ્ધા હતો. બળવાન વાલી એ પડકાર સ્વીકાર્યો. વાલી અને રાક્ષસ લડવા લાગ્યા અને વાલી રાક્ષસને ગુફામાં ધકેલવામાં  સફળ થયો. ગુફામાં પ્રવેશતા પહેલા, વાલીએ સુગ્રીવને ગુફાના પ્રવેશદ્વાર ઉપર પહેરો રાખવા કહ્યું.સુગ્રીવ કલાકો સુધી ગુફાની બહાર ઊભો રહ્યો. છેવટે, તેણે વાલી ની ત્રાડ સાંભળી અને લોહી વહેતુ જોયું. સુગ્રીવે વિચાર્યું કે રાક્ષસે વાલી ને મારી નાખ્યો છે તેથી તેણે ગુફાના પ્રવેશદ્વારને ખડક વડે બંધ કર્યો જેથી રાક્ષસ બહાર ના આવી શકે. પાછા ક્રીસકીંધા પહોંચી સુગ્રીવે વાલીના સ્થાને શાસન કરવાનું શરૂ કર્યું. અચાનક એક દિવસ બધાના આશ્ચર્ય વચ્ચે વાલી ક્રીસકીંધા આવ્યો. વાલી ખૂબ ગુસ્સા માં હતો કારણકે તેને લાગ્યું કે સુગ્રીવે તેની સાથે રાજ્ય માટે દગો કર્યો છે તેથી વાલીએ રાજ્ય સુકાન પોતે પાછું લઇ સુગ્રીવને  દેશનિકાલ કર્યો. સુગ્રીવે વાલીને સમજાવવાનો બહુ પ્રયત્ન કર્યો પણ વાલી ટસ નો મસ ના થયો. આખરે, તિરસ્કૃત થયેલ સુગ્રીવ ઋષ્યમૂક પર્વત પર રહેવા લાગ્યો.

**ગેરસમજ થાય,  પરંતુ તમારા ગુસ્સાને તમને અંધ ન થવા દો**

# રામ અને સુગ્રીવ (Ram and Sugriv)

રામ બેબાકળા થઇ સીતાને શોધતા હતા. આ દરમિયાન તે સુગ્રીવને મળ્યા. સુગ્રીવ વાલી થી ડરીને ઋષ્યમૂક પર્વત પર રહેતો હતો.તેઓ ટૂંક સમયમાં ખાસ મિત્રો બની ગયા.પવિત્ર અગ્નિની સામે સપથ લઇ તેઓએ એકબીજાને મદદ કરવા માટે પણ લીધું. સુગ્રીવે રામને વાલી સાથેની લડાઈ વિશે જણાવ્યું. રામે સુગ્રીવને તેનું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરવામાં મદદ કરવાનું વચન આપ્યું અને વાલી ને દ્વંદ્વયુદ્ધ માટે પડકારવા કહ્યું. સુગ્રીવ વાલી પાસે ગયો અને દ્વંદ્વયુદ્ધની માંગ કરી.વાલીની પત્ની તારાએ લડાઈ રોકવાનો પ્રયાસ કર્યો. તેણીએ વાલીને ચેતવ્યો કે સુગ્રીવની સાથે રામ છે તેથી નાના ભાઈ સુગ્રીવને માફ કરવું જ યોગ્ય છે. અભિમાની વાલીએ તારા ની ચેતવણી ની અવગણા કરી પણ વચન આપ્યું કે તે સુગ્રીવની હત્યા નહીં કરે પણ તેને સબક તો આપશે જj. બંને ભાઈઓ લડવા લાગ્યા. તેઓ બંને શક્તિશાળી હતા, પરંતુ વાલી વધુ કસાયેલો હતો.રામે સુગ્રીવનું રક્ષણ કરવાનું વચન તો આપ્યું હતું, પરંતુ લડાઈ દરમિયાન બન્ને સરખા દેખાતા હોવાથી વાલી ની ઓળખ મુશ્કિલ હતી. હનુમાને આ સમસ્યા નો હાલ કરવા સુગ્રીવને લાલ માળા પહેરાવીરામે સાત વૃક્ષ પાછળ સંતાઈને તીર ચલાવ્યું જે વાલીના હૃદયને વીંધી સરરર નીકળી ગયું. વાલી ઘવાઈને નીચે પડ્યો. ઉદાસ સુગ્રીવે તેના મોટા ભાઈને બાંહોમાં લઇને માફી માંગી પછી સુગ્રીવ ખીષ્કિંધાનો રાજા બન્યો અને તેણે સીતાની શોધ માટે પોતાનું સૈન્ય મોકલ્યું.

**ગેરસમજ થાય, પરંતુ તમારા ગુસ્સાને તમને અંધ ન થવા દો**

# સંપતિ (Sampati)

ક્રિશકંધા ની  વાનર સેના સીતાની શોધમાં મહિનાઓ વિતાવ્યા હતા, પરંતુ કોઈ રસ્તો મળતો ન હતો. હનુમાન, અંગદ અને જામ્બુવાન સીતાની શોધમાં ભારતના છેક દક્ષિણ છેડે પહોંચ્યા. જોયું તો અફાટ સમુદ્ર સામે હતો અને હવે તેમની પાસે કોઈ ઊર્જા બાકી રહી ન હતી. નજીકમાં, સંપતિ નામે એક ગીધ રહેતું હતું ,જે આ થાકી ગયેલા  વાંદરાઓ ને હડપ કરવા નો મોકો જોઈને ધીરે ધીરે તેમના તરફ જવા લાગ્યો.આ જોઈને જામ્બુવાને નિરાશામાં માથું હલાવી અંગદ અને હનુમાનને કહ્યું, "આ ગીધને જુઓ, જે આપણને અસહાય જોઈ આપણા પર હુમલો કરે છે. આ જટાયુથી ઘણું અલગ સ્વભાવનું પક્ષી છે, ક્યાં જટાયુ જેણે સીતા માટે નિઃસ્વાર્થપણે પોતાનું બલિદાન આપ્યું અને ક્યાં આ તક સાધુ ગીધ! આ સાંભળીને સંપતિ અટકી ગયો અને આંખોમાં આંસુ સાથે વાનરો ને કહ્યું કે તે જટાયુનો મોટો ભાઈ છે. નાનપણમાં તે અને જટાયુ સૂર્યની નજીક ઉડી રહ્યા હતા. સૂર્યના ગરમ કિરણો જોઈ સંપતિએ જટાયુને સૂર્યથી બચાવ્યો.પરંતુ સૂર્યના કિરણોએ સંપતિની પાંખો બાળી નાખી જેથી તે ત્યારથી ઉડી શકતો ન હતો જામ્બવાને ભાઈ જટાયુ વિશે એટલા વર્ષો પછી માહિતી આપી તેથી સંપતિ એ તેમને મદદ કરવાનું નક્કી કર્યું.સંપતિએ વાંદરાઓને કહ્યું કે રાવણ સીતાને લંકા લઈ ગયો છે . વાંદરાઓને મદદ કરવાની તેની વૃત્તિ ના કારણે ભગવાને સંપતિની પાંખો પાછી આપી.

**યોગ્ય વસ્તુ કરો અને તમને આખરે પુરસ્કાર આપવામાં આવશે**

# હનુમાન અને જામ્બવાન (Hanuman and Jaambavan)

રાવણ સીતાને ઉપાડી ગયો હતો તે કારણે રામ ખૂબ દુઃખી હતા. સુગ્રીવની વાનરસેનાને જાસૂસ પાસેથી જાણવા મળ્યું કે સીતાને રાવણ દ્વારા લંકામાં કેદ કરવામાં આવી છે. પરંતુ લંકા સમુદ્ર પાર કરીને જવું પડે અને તે જમાના મા વહાણ તો હતા નહિ. સીતાને શોધવા માટે કોઈ ને લંકા જવાની અને સીતાની માહિતી પાકી કરવાની જરૂર હતી. બધા વાનરોએ નક્કી કર્યું કે આપણા માંથી જે સૌથી લાંબો કૂદકો મારે તે સીતાને શોધવા લંકા જશું. યુવરાજ અંગદે પહેલો પ્રયત્ન કર્યો પણ તેનો કૂદકો જરાક ટૂંકો પડ્યો. એક પછી એક, દરેક વાંદરાએ પ્રયાસ કર્યો પણ કોઈ સફળ ના થયું. હનુમાન ચુપચાપ જોઈ રહ્યા હતા. બધા ચિંતામાં પડ્યા કે હવે કેવી રીતે સીતાની માહિતી પાકી કરશે? ત્યારે જામ્બવાન મદદે આવ્યા. તે હનુમાન પાસે ગયા અને હનુમાનને કહ્યું કે તમે વાયુ ના દીકરા છો. તમારી અંદર ખૂબ શક્તિ છે. માત્ર તમને તમારી શક્તિ ની વિસ્મૃતિ થઇ છે. તમે ધારો તો સરળતાથી કૂદકો મારી ને લંકા પહોંચી સકો છો. નાનપણમાં પણ એકવાર તમે કૂદકો મારી ને છેક  સૂર્ય સુધી પોહોંચીને તેને ફળની જેમ ખાવાનો પ્રયત્ન કરેલો. આ સાંભળીને હનુમાન આત્મવિશ્વાસથી ઉભા થયા અને સરળતાથી સહુ થી લાંબો કૂદકો મારી શક્યા. પાછા આવીને નમ્રતાથી જામ્બવાનને નમસ્કાર કર્યા અને કહ્યું કે મને મારી શક્તિની યાદ અપાવવા બદલ આભાર. હું અવશ્ય સીતાની માહિતીની ખાતરી કરવા લંકા જઈશ અને ભગવાન રામના કાર્યમાં સાધન બનીશ. હનુમાન રામને નમસ્કાર કરી પોતાની યાત્રા માટેની તૈયારી કરવા માં લાગી ગયા.

**સાચો મિત્ર કોણ? જે આપણી શક્તિ અને મહાનતાની યાદ અપાવે તે**

# હનુમાન (Hanuman)
સીતા ને શોધવા વાનરો નીકળયા છે. સમુદ્ર કિનારે જાંબુવાન દ્વારા તેની શક્તિની યાદ અપાવ્યા પછી, હનુમાન લંકા જવા હવામાં કૂદી પડે છે. થોડીવાર ઉડ્યા પછી, અચાનક, એક વિશાળ સુરસા નાગરાક્ષસ સમુદ્રમાંથી બહાર આવી રસ્તો રોકે છે. સુરસાએ હનુમાનને કહ્યું, "મારા મોંમાં પ્રવેશ્યા વિના કોઈ લંકા જઈ ના શકે! “હનુમાને ઝડપથી વિચારી જવાબ આપ્યો, "ઠીક છે, હું તમારા મોંમાં પ્રવેશ કરીશ."
હનુમાન ધીમે ધીમે કદમાં મોટા અને મોટા થવા લાગ્યા.સુરસાએ તેનું મોં તેટલું જ મોટું કર્યું. પછી ઝડપથી, હનુમાન માખી જેવા નાના બની ગયા અને સુરસા ના મોઢામાં જઈ તે જડબું  બંધ કરે તે પહેલા મોંમાં થી બહાર ઉડી લંકા તરફ પ્રસ્થાન કરતા સુરસાને કહ્યું, "મેં વચન મુજબ તમારા મુખમાં પ્રવેશ કર્યો છે હવે વિદાય લઈશ!" આગળ, હનુમાન ને વિશાળ મૈનકા પર્વત મળ્યો જેને હનુમાન ને વિશ્રામ કરવા કહ્યું. આ પર્વત પર સુંદર વૃક્ષો, વહેતી નદીઓ અને સ્વાદિષ્ટ ફળો હતા વળી હનુમાન પણ થાકી ગયા હતા,પરંતુ હનુમાને આરામ કરવાનો ઇનકાર કર્યો કારણ કે તેમનું લક્ષ સીતા શોધવાનું હતું. લક્ષ ની પ્રાપ્તિ વિના માર્ગ માં આવતા અવરોધ કે સગવડ ભોગવવાનું તેમને પરવડે તેમ ના હતું. ઘણા કલાકો પછી, તે આખરે લંકા પહોંચ્યા પરંતુ, બે રાક્ષસો, સિંહિકા અને લંકિની લંકાના પ્રવેશદ્વારની રક્ષા કરતા જોયા. ધયેયશીલ હનુમાને સીતા માતાની શોધમાં આખરે લંકામાં પ્રવેશ કરવા માટે બંનેને પણ હરાવ્યા અને સીતા ને લંકામાં શોડીને જ જંપ્યા.

**ચતુરાઈ તમને મુશ્કેલીઓમાંથી બહાર કાઢવામાં મદદ કરી શકે છે**

# અંગદ (Angad)

લંકામાં અંગદ રાવણ મહેલમાં રામના સંદેશવાહક તરીકે ગયો. તેણે તરત જ રામના ગુણગાન ગાવાનું શરૂ કર્યું. રાવણને ચીમકી આપતા કહ્યું કે સીતાને જવા દો નહિ તો લંકાની સાથે રાવણનો નાશ થશે. આ સાંભળીને રાવણ ગુસ્સે થયો અને તેને ગર્વ થી જવાબ આપ્યો "મને અને મારી સેનાને કોઈ રોકી શકતું નથી". રાવણ નું અજ્ઞાન જોઈ અંગદ હસ્યો. “રામ ને હરાવવાનું તો ભૂલી જ જાઓ, તમે અને તમારી સેના મને પણ રોકી પણ નહીં શકો! હું તમને પડકાર આપું છું કે જો તમારામાં દમ હોય તો મારો પગ ઊંચકી બતાવો!” એક પછી એક, બધાએ અંગદનો પગ ઉપાડવાનો પ્રયત્ન કર્યો પણ કોઈ પગ હલાવી પણ ના શક્યા, છેવટે, રાવણ ગુસ્સાથી ઉભો થયો અને અંગદ પાસે ગયો. તેણે ખૂબ જોર કરીને પગ ઊંચકવાનો પ્રયત્ન કર્યો પણ તે અંગદનો પગ એક ઇંચ પણ ખસેડી શક્યો નહીં. આ જોઈ  અંગદ હસ્યો અને કહ્યું, "જો તમે આ રીતે રામ સામે શ્રદ્ધા થી ઝૂકશો તો તે તમને હજુ પણ બચાવી શકે છે. રાવણે તેના રક્ષકોને આંગદને પકડવાનો આદેશ આપ્યો પરંતુ અંગદ તો જે ઝડપે આવ્યો હતો તેટલી જ ઝડપથી ભાગી ગયો.

**ધર્મ માટે ઊંચા અને મજબૂત ઊભા રહો**

# રામ ભગવાન અને ખિસકોલી (Rama and the squirrels)

સીતાને રાવણ ઉપાડી ગયો હતો ત્યારે સીતાને બચાવવાની રામ તૈયારી  કરતા હતા. સુગ્રીવની સેનાને શોધ કરતા ખબર પડી કે સીતા લંકામાં હતી. હનુમાને સીતાને વાત કરી કે , “માં હું તમને ઉપાડીને રામ પાસે લઇ જાઉં. “પણ સીતાએ હનુમાન સાથે જવાની ના પાડી અને કહ્યુ કે મને વિશ્વાસ છે કે મારા રામ મને બચાવસે. રામ લંકા જવા તૈયાર થયા પણ સવાલ હતો કે સમુદ્રને કેવી રીતે પાર કરવો? ત્યારે સુગ્રીવ અને તેની વાનરસેના તેમની  મદદે આવ્યા. વાનરો ઉત્સાહથી પથ્થરોનો પુલ બનાવવા માટે સખત મહેનત કરી રહ્યા હતા જેથી રામની સેના લંકા પહોંચી શકે. રામ એક દિવસ સમુદ્ર કિનારે ચાલતા હતા ત્યારે તેમને કેટલીક નાની ખિસકોલીઓને રમતા જોઈ. ખિસકોલી તેમના કામમાં એટલી ડૂબી હતી કે તેમને રામ ભગવાન જુવે છે તે પણ ખબર ન પડી! ખિસકોલીઓ માટી મુઠ્ઠીમાં પકડીને પુલ તરફ જઈ રહી હતી. રામ એમની પાછળ ગયા.જ્યારે તેઓ પુલ પર પહોંચ્યા, ત્યારે ખિસકોલી પુલ ઉપર બે પથ્થરની વચ્ચે માટી મૂકીને પથ્થરનો સાંધો મજબૂત કરી, પછી વધુ માટી મેળવવા પાછા કાંઠે દોડી જાતા જોઈ. ખિસકોલીઓ ના કપાળે તાપમાં પરસેવો વહી રહ્યો હતો. પુલ બનાવતા કેટલાક વાંદરાઓએ ખિસકોલીઓને તેમના કામમાં મગ્ન જોઈ. તેઓએ હસીને ખિસકોલીઓને બોલાવીને કહ્યુ “તમે બધા નાના છો! જો તમે મદદ નહીં કરો તો તે પણ ઠીક છે. તમે આરામ કરો. અમે પુલ બનાવી દઈશું.” પરંતુ ખિસકોલીઓ લગનથી કામ કરતા જવાબ આપ્યો.” અમે નાના છીએ, પરંતુ અમે પણ અમારા ભાગનુ કામ અવશ્ય કરીશું!” તેમના સમર્પણની પ્રશંસા કરતા રામ હસ્યાં.

**નાના પ્રાણીઓ પણ, ખિસકોલીની જેમ, ભગવાનના કાર્યમાં સહાયક બની શકે છે.**

# વિભીષણ રામ સાથે જોડાય છે (Vibhishan joins Ram)

રામ અને રાવણ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હતું.રામ અંગદ, સુગ્રીવ, હનુમાન અને લક્ષ્મણ સાથે તેમની લશ્કરી વ્યૂહરચના વિશે ચર્ચા કરી રહ્યા હતા. ત્યાં દૂરથી વિભીષણને તેમની શિબિરની નજીક આવતા જોયા.રામ અને હનુમાન સિવાય બધા તરત જ સાવધ થઈ તેમના હથિયારો લઇ ઉભા થયા.વિભીષણ નમ્રતાપૂર્વક રામ પાસે ગયા અને કહ્યું, "મેં મારા ભાઈ રાવણને ઘણો સમજાવ્યો કે અકારણ યુદ્ધ નોતરવાને બદલે સીતાને પરત કરવી જોઈએ પણ મારા  પ્રયાસ માં હું નિષ્ફળ ગયો. હું રાવણ ની પદ્ધતિ સાથે સંમત નથી અને હું તમારી ધર્મની લડાઈમાં જોડાવા માંગુ છું."રામે વિભીષણને આવકાર્યો અને બાજુમાં રાહ જોવા કહ્યું. રામે સેનાનીઓને પૂછ્યું કે તેઓ આ વિષે શું મંતવ્ય ધરાવે છે. એક પછી એક, દરેકે પોતપોતાનો અભિપ્રાય આપ્યો અને કહ્યું કે વિભીષણનેરામના સૈન્ય માં લેવું જોખમી છે. તે રાક્ષસ કુલ નો હોવાથી યુક્તિ કરીને માહિતી લેવા પણ આવ્યો હોય! છેલ્લે, રામે હનુમાન તરફ જોયું. હનુમાન નમ્રતાપૂર્વક બધા સાથે અસંમતિ દર્શાવતા કહ્યું કે વિભીષણ પ્રામાણિક અને વિશ્વાસપાત્ર વ્યક્તિ છે. રામને હનુમાન ના અનુમાન પર અતૂટ શ્રદ્ધા હતી તેથી રામે વિભીષણને સૈન્યમાં આવવા આમંત્રણ આપ્યું.

**ધર્મ માટે લડવામાં ક્યારેય મોડું થતું નથી**

# હનુમાન અને સંજીવની (Hanuman and Sanjeevani)

રામ રાવણ યુદ્ધ દરમિયાન એક દિવસ, રાવણના પુત્ર ઈંદ્રજિત અને લક્ષ્મણ સામસામે યુદ્ધ માં આવ્યા. ઇન્દ્રજિત એક શક્તિશાળી કુશળ યોદ્ધા હતો અને તેણે લક્ષ્મણ ઉપર શક્તિ બાણ  ફેંક્યું તેથી ઘવાઇને લક્ષ્મણ યુદ્ધના મેદાનમાં બેભાન પડ્યા. ભાઈ ની આ સ્થિતિ માં જોઈ રામ ખૂબ વ્યતિથ થયા અને પોતાના ભાઈને બચાવવાનો માર્ગ શોધવા મક્કમ બન્યા. રામે સંજીવની છોડ વિશે સાંભળેલું જેમાં એવા ઔષધીય ગુણો હતા જે લક્ષ્મણને બચાવી શકે. અહીં સમસ્યા મોટી હતી કારણ કે સંજીવની છોડ દૂર હિમાલયમાં દ્રોણાગિરી પર્વત પર ઉગતો હતો. વીર હનુમાને સાંત્વના આપી કહ્યું કે તે સંજીવની લાવશે. હનુમાન હવામાં ઉડ્યા અને બને તેટલી ઝડપથી દ્રોણાગિરિ પર્વત પર પહોંચ્યા. પરંતુ હનુમાનને ખબર ન હતી કે સંજીવની છોડ કેવો દેખાય છે! હનુમાને આજુબાજુ જોયું પણ તેમને ખબર ના પડી કે કયો છોડ લઇ જવો. હરેક વીતતી ક્ષણ લક્ષ્મણ ના જીવ મરણ નો ખેલ હતો, ત્યારે હનુમાનજીને એક વિચાર આવ્યો. બીજી બાજુ યુદ્ધ મેદાનમાં રામ તેના ભાઈની તબિયત ની  ચિંતા કરતા હતા ત્યારે જ, તેમણે આકાશ તરફ જોયું તો હનુમાન આખા દ્રોણાગિરિ પર્વત સાથે ઉડતા જોયા! હનુમાને લક્ષ્મણની બાજુમાં પર્વત મૂક્યો અને વૈદ્યએ પર્વતમાંથી સંજીવની છોડ શોધી લક્ષ્મણ નો ઉપચાર કર્યો. હનુમાનની શક્તિ અને બૌદ્ધિક શક્તિના કારણે લક્ષ્મણનો બચાવ થયો.

**શક્તિ અને ઝડપી વિચાર દિવસ બચાવી શકે છે**

# મંદોદરી (Mandodari)

મંદોદરી રાક્ષસ રાજા માયાસુર અને અપ્સરા હેમાની પુત્રી હતી. તે એક પવિત્ર અને પ્રેમાળ સ્ત્રી હતી. રાવણ મંદોદરીની સુંદરતા અને ગુણોથી પ્રભાવિત થયો અને તેણે લગ્ન માટે પ્રસ્તાવ મુક્યો. મંદોદરીએ સંમતિ આપી અને લગ્ન પછી બંને લંકા ની રાજગાદી પર બેઠા. મંદોદરીને રાવણની શક્તિ પર ગર્વ હતો. પરંતુ સમય જતા જે રીતે રાવણ અભિમાની બની શક્તિ નો દુરુપયોગ કરવા લાગ્યો તે મંદોદરી ને માન્ય ન હતું. જ્યારે રાવણે સીતાનું અપહરણ કર્યું, ત્યારે મંદોદરીએ રાવણને સલાહ આપતા કહ્યુકે રામ દયાળુ છે. હજી પણ જો સીતાને પરત કરશો તો રામ તમને માફ કરશે. પરંતુ રાવણે સાચી સલાહ માની નહીં.રામ અને રાવણ યુદ્ધ પહેલા પણ મંદોદરીએ રાવણને શરણાગતિ લેવા સમજાવ્યો પરંતુ અભિમાની રાવણ અડગ રહ્યો. રાવણને તેના દુષ્ટ માર્ગ થી અટકાવવામાં ભલે મંદોદરી સફળ ન રહી પરંતુ  પતિ ને સાચી વાત પ્રેમથી અને સ્પષ્ટતાથી કહેનાર મંદોદરી આજે પણ સતી તરીકે યાદ કરવામાં આવે છે.

**તમારા સંજોગો છતાં તમારી માન્યતાઓમાં અડગ રહેવું એ શક્તિની નિશાની છે**

# વિભીષણન અને રાવણના અંતિમ સંસ્કાર (Vibhishan and Ravana's last rites)

ઘણા દિવસો ના ભીષણ યુદ્ધ પછી રામે રાવણને હરાવ્યો. બન્ને પક્ષ ના યુદ્ધ માં ઘાયલ થયેલા સૈનિકો ની સારવાર અને સંભાળ ની વ્યવસ્થા રામ કરી રહ્યા હતા. યુદ્ધ જીત્યા છતાં, રામે લંકા ઉપર શાસન કરવાનો ઇનકાર કર્યો અને રાવણના નાના ભાઈ વિભીષણને રાજ્ય આપ્યું.વિભીષણ એક પ્રામાણિક વ્યક્તિ હતા. તેમને રાવણને દુષ્ટ આચરણ કરતા રોકવાનો ઘણો પ્રયાસ કર્યો હતો પરંતુ અભિમાની રાવણે તેની સાચી વાત અવગણી અને લંકા નું વિનાશ નોતર્યું. સબંધીયો ના મૃત શરીર ને જોઈને વિભીષણની આંખોમાં આંસુ આવ્યા. તેણે કહ્યુકે આ વિનાશ કરનાર દુષ્ટ ભાઈના અંતિમ સંસ્કાર હું કરવા માંગતો નથી. આ સાંભળીને રામે તેને દિલાસો આપી સમજ આપતા કહ્યું કે, "જો તમે તમારા ભાઈનો અંતિમ સંસ્કાર નહીં કરો, તો હું કરીશ. આપણે વ્યક્તિની ક્રિયાઓને નાપસંદ કરી શકીએ છીએ, પરંતુ વ્યક્તિ ને નહીં "આ સાંભળીને વિભીષણે પોતાનો વિચાર બદલી વિધિવત રાવણના અંતિમ સંસ્કાર કર્યા.

**માણસના કાર્યોને નાપસંદ કરો, પણ માણસને નહીં**

# મારુતિ (Maaruti)

મારુતિ શક્તિશાળી અને તોફાની બાળક હતા. એક દિવસ તે જંગલમાં રમતા હતા ત્યાં તેમને ભૂખ લાગી. તેમણે આજુબાજુ જોયું પણ કઈ ના મળ્યું ત્યાં જ તેમની નજર સૂર્ય તરફ ગઈ. સૂર્ય એક સ્વાદિષ્ટ પીળા ફળ જેવો દેખાતો હતો. ભૂખ થી વ્યાકુળ તે સૂર્યને પકડવા માટે આકાશમાં કૂદી પડ્યા.જેમ જેમ હનુમાન સૂર્યદેવ ની નજીક આવ્યા તેમ તેમ સૂર્યદેવ ને ડર લાગ્યો કે બાળક હનુમાન સૂર્યના તેજ થી બળી ના જાય! સૂર્યદેવે ઇન્દ્રદેવને મદદ કરવા બોલાવ્યા. ઈન્દ્રદેવ પોતાના દિવ્ય રથમાં આવ્યા અને બાળ મારુતિને રોકવા માટે વીજળીનો બોલ્ટ જડબા ઉપર ફેંક્યો અને મારુતિ બેભાન થઈને ધરતી પર પડ્યા. પોતાના પુત્ર ની આ સ્થિતિ જોઈને મારુતિના પિતા વાયુદેવ નારાજ થઈ ગયા. વાયુદેવે પૃથ્વી પરથી હવા ખેંચી નાખી તેથી માનવોને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. અંતે, ઇન્દ્રદેવે મારુતિને ભાનમાં લાવવામાં મદદ કરી પણ પોતાની શક્તિ નું વિસ્મરણ થશે આ શ્રાપ આપ્યો જેથી આવું તોફાન ફરી ના કરે. સંસ્કૃતમાં હનુ એટલે જડબું અને તેથી જ મારુતિ હનુમાન તરીકે ઓળખાય છે.

**બાળકોમાં અપાર ક્ષમતા હોય છે**

# ભરત અને હનુમાન (Bharat and Hanuman)

રાવણને હરાવ્યા પછી, રામ પોતાના ભાઈ, ભરતને મળવા અને અયોધ્યા પાછા જવા બેચેન હતા. પરંતુ, સમસ્યા હતી કે ચૌદ વર્ષ રાજ કાર્ય સંભાળ્યા બાદ ભરતને રાજલાલસા જાગી હશે તો? આટલા વર્ષો પછી તેનો વિચાર બદલાયો હોય તો ? તેથી રામે ભરતને રામના પાછા આવવાના સમાચાર આપવા હનુમાનને અયોધ્યા મોકલ્યા.હનુમાન મનોવિજ્ઞાનમાં કુશળ હતા અને ચહેરાના હાવભાવ સારી રીતે વાંચી શકતા હતા.ભરત મહેલની બહાર એક નાની ઝૂંપડીમાં રહેતા હતા. હનુમાન ત્યાં ગયા ત્યારે ભરતે તેમનું પ્રેમથી સ્વાગત કર્યું. હનુમાન પાસે રામ ની પાછા આવવાવી વાત જાણી અને રામના વિજય વિશે સાંભળી ભરત ના ચહેરા પર નિર્મળ આનંદ પ્રસર્યો. તે જોઈ હનુમાને પાછા આવી રામને કહ્યું કે ભરત ને સત્તા ની પડી નથી, તે આતુરતાથી રામ ની રાહ જોઈ રહ્યા છે. આ સાંભળી ને રામ ખુશ થઇ અયોધ્યા જવા વધુ આતુર બન્યા,જેથી તે પોતાના નાના ભાઈને મળી શકે.

**ભાઈ-બહેનનો પ્રેમ તમામ અવરોધોનો સામનો કરી શકે છે**

vedlink

# અર્જુન અને હનુમાન  (Arjun and Hanuman)

અર્જુન દક્ષિણ ભારતમેં રામેશ્વરમ ગયા હતા ત્યાં રામ ભગવાનને લંકા પહોંચવા માટે વાનર સેનાએ બનાવેલા પુલના અવશેષો તેણે જોયા. અર્જુન ને આ જોઈ નવાઈ લાગી અને પૂછ્યું કે રામ તો મહાન તીરંદાજ હતા તો પછી તેમને પથ્થરોના સેતુની જરૂર કેમ પડી? નજીકમાં એક વાંદરાએ આ સાંભળી ને અર્જુનને પડકાર ફેંકતા કહ્યું “રામ ની સેના નું વજન તીર નો સેતુ ઉપાડી ના શકે!  તમે પ્રયત્ન કરી એક સેતુ to બનાવી દેખાડો જે માત્ર મારું વજન ઉપાડી શકે!" અર્જુન હસ્યો, "હું તીરોનો મજબૂત સેતુ જો ના બનાવી શકું તો હું મારી જાતને ચિતા પર બાળી નાખીશ."અર્જુને તેના તીરો વડે એક મજબૂત સેતુ બનાવ્યો. વાંદરાએ સેતુ પર પગ મૂક્યો કે સેતુ તૂટી ગયો. અર્જુને ફરી કોશિશ કરી, પણ એ જ પરિણામ આવ્યું. અર્જુન હાર માની આગમાં પગ મૂકવા જતો હતો ત્યારે એક છોકરાએ તેને રોક્યો. અર્જુને પોતાની પરિસ્થિતિ સમજાવી ત્યારે છોકરાએ કહ્યું કે ન્યાયાધીશ વિના આ શરત વ્યાજબી નથી. તેણે અર્જુનને ફરી એકવાર પ્રયાસ કરવા કહ્યું અને પોતે ન્યાયાધીશ તરીકે ચુકાદો આપશે તેમ જણાવ્યું. અર્જુને તેના તીરો વડે એક છેલ્લો સેતુ બનાવ્યો. આ વખતે, જ્યારે વાંદરાએ તેના પર પગ મૂક્યો, ત્યારે તે તૂટ્યો નહીં. વાંદરો મોટો અને મોટો થતો ગયો તો પણ સેતુ રહ્યો. હવે અર્જુન સમજી ગયો કે વાંદરો કોઈ સામાન્ય વાનર નથી, હનુમાન છે. અને હનુમાન પણ સમજી ગયા કે છોકરો કોઈ સામાન્ય છોકરો નથી પરંતુ ભગવાન વિષ્ણુ છે. હનુમાન અને અર્જુન બંનેએ ભગવાન વિષ્ણુને પ્રણામ કર્યા. વિષ્ણુએ અર્જુનને કહ્યું કે તારે અહંકાર ન કરવો જોઈએ અને યાદ રાખવું જોઈએ કે વાનર સેનાએ રામ માટે ભક્તિ અને પ્રેમ સાથે કામ કર્યું હતું.અને વિષ્ણુએ હનુમાનને કહ્યું કે તેણે પણ અર્જુનની કસોટી ન કરવી જોઈએ. પછી નમ્રતા સાથે, અર્જુને હનુમાનને તેના રથની રક્ષા કરવા કહ્યું, તેથી જ મહાભારતના યુદ્ધમાં અર્જુનના રથે હનુમાનનો ધ્વજ લહેરાવ્યો હતો.

**ભગવાનને કેન્દ્રમાં રાખો**

# હનુમાનનું હૃદય (Hanuman's heart)

રામ અને સીતા અયોધ્યામાં તેમની વિજયની ઉજવણી કરી રહ્યા હતા. હનુમાનનો આ વિજય માં ઘણો ફાળો હતો તેથી પ્રેમથી, માતા સીતાએ હનુમાનને તેમના ગળામાં પહેરેલો મોતીનો હાર આપ્યો. હનુમાન તો હાર ના એક એક મોતી તોડી અંદર જોવા લાગ્યા. કોઈએ હનુમાનને પૂછ્યું કે મોતી તોડી અંદર તે શું શોધે છે? તો હનુમાને જવાબ આપ્યો "હું આ મોતીમાં ભગવાન રામ શોધવાનો પ્રયાસ કરી રહ્યો છું. રામ વગર, મોતી નો હાર નકામો છે." જવાબ સાંભળી ને બધા હસવા લાગ્યા. તેઓએ પૂછ્યું, "મોતીમાં રામ કેવી રીતે હોઈ શકે?" હનુમાને જવાબ આપ્યો, "જો મારા શરીરની અંદર રામ અને સીતા મળી શકે, તો મોતીમાં કેમ નહીં?" આમ કહેતા હનુમાને પોતાની છાતી ફાડી તો રામ અને સીતા ત્યાં બેઠા હતા!

**સાચો ભક્ત ભગવાનને પોતાના હૃદયમાં રાખે છે**

# બજરંગબલી (Bajarangbali)

તમે જાણો છો કે હનુમાનને બજરંગબલી કેમ કહેવામાં આવે છે? એક દિવસ માતા સીતા પોતાના કપાળ પર સિંદૂર લગાવી રહ્યા હતા. હનુમાનએ આ જોયું અને ઉત્સુક થઈ સીતાને પૂછ્યું, "તમે માથે સિંદૂર કેમ લગાડો છો?" માતા સીતાએ હસીને જવાબ આપ્યો, "તે ભગવાન રામના લાંબા આયુષ્ય અને સારા સ્વાસ્થ્ય માટે છે" આ સાંભળીને હનુમાનને વિચાર કરી પૂછ્યું કે શું તે પણ સિંદૂરનો ઉપયોગ કરી શકે? હસીને માતા સીતાએ અનુમતિ આપી. હનુમાને સિંદૂર લીધું અને પોતાના આખા શરીર ઉપર લગાવી દીધું. એટલામાં જ ભગવાન રામ ત્યાં આવ્યા. રામે હનુમાનને પૂછ્યું કે શા માટે હનુમાને આખા શરીર પર સિંદૂર લગાવ્યું? હનુમાને જવાબ આપ્યો “તેથી રામ સૌથી લાંબુ અને સ્વસ્થ જીવન જીવી શકે.”આ સાંભળીને ભગવાન રામ હસ્યા અને તેમની ભક્તિ માટે હનુમાનને આશીર્વાદ આપ્યા. તેથી જ હનુમાનનું એક નામ બજરંગબલી છે.બજરંગ એટલે કેસરી અને બલી એટલે શક્તિશાળી.

**સાચા ભક્તોના હૃદય નિર્દોષ હોય છે**

vedink

# ભીમ અને હનુમાન (Bheem and Hanuman)

પાંચ પાંડવોમાં ભીમ સૌથી શક્તિશાળી હતા. એ વાયુના પુત્ર હતા. એક દિવસ તે વનમાં ફરતા હતા ત્યાં રસ્તામાં એક વૃદ્ધ વાનરની પૂંછડી આડી આવી. ભીમે અભિમાનથી કહ્યું," અરે વાનર! તને ખબર નથી કે હું કોણ છું? તારી પૂંછડી રસ્તામાંથી હટાવ! મને આડી આવે છે." વાનરે ધીમેથી માથું ઊંચું કરીને કહ્યું, "હું તો વૃદ્ધ વાનર છું અને તમે તો બહુ શક્તિશાળી છો તો મને મદદ કરવા મારી પૂંછડી હટાવશો?" ભીમે અભિમાનથી હસીને કહ્યું,"હું તો મોટા પર્વત પણ ઘડીકમાં હટાવી દઉં, તો વળી આ પૂંછડીની શી વસાત ? જુઓ!" એમ કહીને તે નીચો નમ્યો અને પૂંછડી હઠાવવાનો પ્રયત્ન કર્યો પણ તે પૂંછડી જરા પણ ખસેડી શક્યો નહિ. તેને ખૂબ જોર લગાવ્યું તો પણ પૂંછડી હાલી નહિ. આખરે તે થાકી ગયો અને હતાશ થઇ તેણે વાનર ને પૂછ્યું કે "તમે  કોણ છો? તમે તો મારા કરતા પણ શક્તિશાળી છો!" વાનરે કહ્યું,"આપણે બંને ભાઈઓ છીએ. હું પણ વાયુનો પુત્ર હનુમાન છું." ભીમ તેમના પગે પડ્યો અને ક્ષમા માંગી. હવે હનુમાન ઉભા થયા અને કહ્યું કે, "ભીમ, તું શક્તિશાળી તો છે, પણ તારી પાસે શક્તિ કોની દેન  છે તે ભૂલતો નહિ. ભગવાને તને શક્તિ આપી છે તેથી અભિમાની ના બનતા, નમ્રતાથી શક્તિનો ઉપયોગ બીજાને મદદ કરવા માં વાપર." ભીમ સમજી ગયો અને હનુમાને નમસ્કાર કર્યા.

**હંમેશા યાદ રાખો કે શક્તિ ભગવાન તરફથી મળે છે તેથી નમ્ર રહો**

# લવ અને કુશ (Luv and Kush)

અગ્નિપરીક્ષામાં પોતાની પવિત્રતા સાબિત કરવા છતાં, લોકલજ્જાનાં કારણે રાજારામના આદેશથી લક્ષ્મણ સીતાને ઋષિ વાલ્મીકિના આશ્રમમાં મૂકી આવ્યા. ત્યાં સીતાએ જોડિયા પુત્રો લવ અને કુશને જન્મ આપ્યો. તેઓ પિતા રામ જેવા તેજસ્વી છોકરાઓ હતા અને ઋષિ વાલ્મીકિએ તેમને ભણાવવામાં વર્ષો વિતાવ્યા હતા. એક દિવસ લવ અને કુશ રમતા હતા, ત્યારે અચાનક તેઓ એક શણગારેલા ઘોડાની પાસે આવ્યા. કુતુહલવસ તેઓએ ઘોડાને રોક્યો અને તેને બાંધી દીધો.આ ઘોડો ખરેખર તો રામના અશ્વમેધ યજ્ઞનો એક ભાગ હતો. રામે એક સમૃદ્ધ સામ્રાજ્ય બનાવ્યું હતું અને આ યજ્ઞ થકી સદવિચારો વિશ્વમાં રમતા મુકવાનો તેમનો પ્રયત્ન હતો. યજ્ઞનો ઘોડો ફરવા માટે મુક્ત હતો અને જો કોઈ તેને રોકે તો તે રામના શાસન માટે પડકાર ગણાતો. બે યુવાન છોકરાઓએ ઘોડો અટકાવ્યો છે તે સાંભળીને, રામના સમર્થ યોદ્ધાઓ લવ-કુશને પડકારવા આવ્યા, પરંતુ લવ અને કુશ તીરંદાજી અને યુદ્ધમાં કુશળ હતા. તેઓ ભરત, શત્રુઘ્ન, લક્ષ્મણ, સુગ્રીવ, અંગદ અને હનુમાન ઉપર પણ વિજયી થયા. અંતે રામ પોતે આ યુવાન છોકરાઓ સામે લડવા આવ્યા, પરંતુ તેમની કુશળતા જોઈને તેમને અકારણ પ્રીત જાગી. પછી ખબર પડીકે બન્ને તેમના જ પુત્રો છે. રામે લવ અને કુશને અશ્વમેધ યજ્ઞનું કારણ સમજાવ્યું, તો લવ-કુશે સ્વેચ્છાથી ઘોડાને છોડ્યો. ત્યારબાદ વાલ્મિકી ની આજ્ઞા થી રામ બન્નેને રાજકુમાર તરીકે અયોધ્યા આદર પૂર્વક પાછા લઈ ગયા.

**તમે જે માનો છો તેના માટે ઊભા રહેવાની હિંમત રાખો**

# સરયુ નદી (Sarayu River)

રામ ન્યાયી શાસક હતા. અયોધ્યા મહાન સામ્રાજ્યનું આદર્શ ઉદાહરણ હતું. એક દિવસ મહત્વપૂર્ણ બેઠક હોવાથી રામે ખલેલ ન થાય તેથી લક્ષ્મણને બહાર પહેરેદાર તરીકે ઊભા રહેવા કહ્યું. નક્કી કરેલું કે તે છતાં પણ જો કોઈ વ્યક્તિ સભામાં ખલેલ પહોંચાડશે તો તેની સજા મૃત્યુ થશે. લક્ષ્મણ બહાર ઊભા હતા જ્યારે દુર્વાસા મુનિએ તાત્કાલિક રામ સાથે મળવાની માંગ કરી. લક્ષ્મણે સમજાવવાનો પ્રયત્ન કર્યો કે રામ અત્યારે વ્યસ્ત છે, પરંતુ સભા પુરી થતા રામ ચોક્કસ દુર્વાસા મુનિ ને મળશે. આ સાંભળી દુર્વાસા ગુસ્સે થઈ અયોધ્યા નો સત્યાનાશ થશે આવો શ્રાપ આપવા ઉત્સુક થયા, તેથી બીજો કોઈ વિકલ્પ ન હોવાથી લક્ષ્મણ સભામાં દાખલ થયા. સામે રામ બહાર નીકળતા દેખાયા. દુર્વાસા મુનિ સાથે મુલાકાત કર્યા પછી, રામ લક્ષ્મણ ને મળવા ગયા ત્યારે રામ કંઈ બોલે તે પહેલાં જ લક્ષ્મણે આદરપૂર્વક રામને કહ્યું કે પોતે કાયદાનો ભંગ કર્યો છે તેથી સરયુ નદીમાં આત્મસમર્પણ કરશે. રામ પણ લક્ષ્મણને એટલો પ્રેમ કરતા કે તેમના વગર જીવવું અશક્ય લાગતા, લક્ષ્મણની પાછળ રામે પણ સરયુ નદીમાં જીવન વિસર્જન કર્યું.

**તમારા સિદ્ધાંતોને અનુસરો, પછી ભલે પરિણામ આવે**

vedlink